ગાંધીનગર અને ડીસાના ૧૩ શખ્સો આબુ રોડ નજીકથી જુગાર રમતાં ઝડપાયા

સાડા ત્રણ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયેલા શખ્સો જેલના હવાલે

બનાસકાંઠાને અડીને આવેલા રાજસ્થાન રાજયમાં દારૂબંધી ન હોઈ બેફામ દારૂનું વેચાણ તેમજ દારૂનું સેવન થતું હોઈ શોખીન લોકો ફરવાના બહાને

રાજસ્થાનમાં પાર્ટી મનાવી જુગાર જેવી બદી સાથે જાડાતા હોય છે.જોકે ક્યારેક શરાબ સાથે જુગારની મજા માણતા નબીરા રાજસ્થાન પોલીસના હાથે ઝડપાઈ જતા હોઈ છે. આવી જ વધુ એક ઘટનામાં રીતે ગઈ રાત્રે ડીસાના કેટલાક શખ્સો આબુરોડ નજીકથી જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ જતા આબુરોડ પોલીસે આ શકુનીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતની સરહદને અડીને આવેલા આબુરોડથી ભાટની તરફ જતા રોડ પર માઉન્ટ વેલી કોટેજ કોલોનીના બગીચામાં કેટલાક શખ્સો જાહેરમાં હારજીતનો જુગાર રમતા હોવાની બાતમી મળતા નાઈટ પેટ્રોલિંગમાં નીકળેલા શિરોહીના પોલીસ અધિક્ષક જય યાદવ, સરજીતસિંહ મીણા અને હીરાલાલે બાતમીના આધારે આબુરોડ પોલીસ મથકના અનિલકુમારના નેતૃત્વમાં આબુરોડ - ભાટની રોડ ઉપર આવેલ માઉન્ટવેલી કોર્ટેઝ કોલોનીના બગીચામાં ઓચિંતી રેડ પાડી હતી.જે દરમ્યાન આ બગીચામાં જુગાર રમી રહેલા ડીસા અને ગાંધીનગરના ૧૩ જેટલા જુગારીયા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. આ રેડ દરમ્યાન રાજસ્થાન પોલીસે ગાંધીનગરના અમૃતભાઈ, નરેશભાઈ, અર્જુનભાઈ, લાલભાઈ, ઈશ્વરભાઈ અને સુખદેવભાઈ તેમજ ડીસા શહેરના ઘનશ્યામભાઈ, બાબુભાઈ, ભવાનભાઈ, મોહનભાઈ , ભરતભાઈ, પ્રભુભાઈ તેમજ કાંતીભાઈને ૩,૬૦,૧૩૫ રૂપિયાની રોકડ રકમ તેમજ જુગારના સાહિત્ય સાથે ઝડપી લઈ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી આ શકુનીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

ધનસુરા વડાગામ રોડ પર આવેલ કેમિકલ ફેક્ટરીઓ પ્રદૂષણ ફેલાવતી હોવાની ચર્ચા

ધનસુરા, તા. ૨

ધનસુરા વડાગામ રોડ ઉપર આવેલ કેમિકલ ફેક્ટરીઓમાં વપરાતા કેમિકલથી આસપાસના વિસ્તારમાં લોકોના સ્વાસ્થ્યને માઠી અસર થતી હોવાનું જાણવા મળેલ છે.

આ કેમિકલ્સની ફેક્ટરીઓમાં દિવાળી ઉપર અધિકારીઓ આવીને દિવાળી કે પેકેટ લઈ જતા હોય છે. આ કેમિકલમાં શું વપરાય છે તેની તપાસ કરવામાં આવતી નથી. આ કેમિકલ ફેક્ટરીઓમાં ફોરેટ નામનું કેમિકલ બનાવવામાં આવે છે. જેની ગુણવત્તા અબોલ જાનવર માટે જીવલેણ સાબિત થાય છે. આ ફોરેટને મકાઈના રાડામાં નાખવામાં આવે તો સુકાઈ ગયા બાદ ચાર મહિને પણ આજ ફોરેટ કેમિકલ્સવાયુ દ્વારા પશુઓ માટે જીવલેણ સાબીત થાય છે. જો આ કેમિકલયુક્ત ઘાસ ખાવાથી પશુઓ મૃત્યુ પામતા હોય તો જો આજ કેમિકલ અનાજમાં વપરાય છે. આ અનાજ માનવજીવનના ઉપયોગ માટે વાપરવામાં આવે છે. તો આનાથી માનવજીવન ઉપર કેટલી વિપરીત અસર પડતી હશે ? આવુ કેમિકલયુક્ત અનાજ ખાવાથી માનવજીવન ભયંકર રોગમાં સપડાય છે અને વિવિધ રોગોના ભોગ બને છે. જેવા કે કેન્સર, ચામડીના રોગો, દમ, ફેફસાનું કેન્સર, પેટની બિમારીઓ જેવા ભયંકર રોગોમાં સપડાઈ જાય છે. છતાં પણ લેતીદેતીના વહેપારથી માનવજીવન સાથે ભયંકર રમત રમી રહ્યાં છે.

આ કેમિકલ ફેક્ટરીઓ ઉપર ઉચ્ચકક્ષાએ દરોડા પાડી વિજીલન્સ તપાસ તથા ક્વોલીટી કંટ્રોલ દ્વારા તપાસ કરવામાં આવે તો મહામૂલી માનવજીવન બચાવી શકાય તેમ છે. આવનારી પેઢી આવા જલદ કેમિકલયુક્ત ખોરાક ખાઈને માઈકાંગલા બની જતા અટકે અને તંદુરસ્ત માનવજીવન જીવી શકે તેમ છે. કેમિકલ્સ ફેક્ટરીમાં કામ કરતા વર્કરો માટે સરંક્ષકના કોઈપણ સાધનોનો ઉપયોગ થતો ન હોવાથી મોતના મુખમાં જવાનો સંભવ છે. આ કેમિકલ ફેક્ટરીઓની તટસ્ટ તપાસ થાય તેવી લોકોની માંગણી છે.

શામળાજીના નાપડા ગામ નજીક ટ્રકમાંથી ૨૮.૨૯ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવેનો ઉપયોગ કરી બુટલેગરો મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગાંધીના ગુજરાતમાં ઠાલવી રહ્યા છે. અરવલ્લી જીલ્લા એલ.સી.બી. ઈન્ચાર્જ પી.આઈ. સોલંકી અને તેમની ટીમે શામળાજી નજીક આવેલા નાપડા ગામ નજીકથી પસાર થતી ટ્રકને અટકાવી ટ્રકમાંથી વિદેશી દારૂ રૂ.૨૮૨૯૬૦૦નો જપ્ત કરી કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા એલ. સી. બી. પોલીસે શુક્રવારે રાત્રીના સુમારે શામળાજી નજીક આવેલા નાપડા ગામની સીમમાં ખાનગી હોટેલ નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા પોલીસ ચેકીંગ

જોઈ રોડ નજીક ટ્રક (ગાડી.નં. એપી.૨૯એ.ટીએ. ૭૯૯૭) મૂકી ટ્રકચાલક ફરાર થઈ જતા પોલીસે ટ્રકમાં તલાશી હાથ ધરતાં ટ્રકમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટી નંગ-૫૬૭ કી. રૂ.૨૮૨૯૬૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રકમાંથી મળેલ મોબાઈલ-૧ કી. રૂ.૫૦૦ તથા ટ્રકની કી. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૩૮૩૦૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ શામળાજી પોલીસને સોંપતા તપાસ હાથ ધરી છે.

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત મોટી ઈસરોલ ગામે પશુઓમાં કૃમિ નિવારણ અભિયાન

પશુઓમાં ખરવા મોવાસા રોગ નિયંત્રણ માટે રસીકરણ કાર્યક્રમ પણ હાથ ધરાયો

મોડાસા, તા. ૨

મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે તા. ૧-૨-૨૦૧૯ના રોજ ખરવા-મોવાસા રોગ નિયંત્રણ

માટે રસીકરણ અભિયાન તથા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત પશુઓમાં કૃમિ નિવારણ અભિયાનનું અરવલ્લી જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી ડો. હર્ષિત ગોસાવિના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અરવલ્લી જિલ્લાના પશુપાલન વિભાગના નાયબ પશુપાલન નિયામક ડો. બી.એમ. સરગરા તથા મોટી ઈસરોલ ગામના આગેવાનો ધ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સાથે ૨૦મી રાષ્ટ્રીય પશુધન વસ્તી ગણતરીની કામગીરી પણ કરવામાં આવી હતી.

સમગ્ર જિલ્લામાં હાથ ધરાનારી આ યોજનાનો પ્રારંભ કરતા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. ગોસાવીએ આ યોજનાની ઉંડાણપૂર્વક માહિતી આપી હતી. જેમાં દૂધ મંડળીના સેક્રેટરી નરસિંહભાઈ પટેલ વા.ચેરમેન પ્રફુલ પટેલ, ભીખાભાઇ કે. પટેલ, કાનજીભાઈ પટેલ, સુખદેવભાઈ પટેલ વગરે આગેવાનોએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. સ્થાનિક વેટરનરી ડૉ. સ્નેહલ રાઠોડે ઉપસ્થિત રહી કાર્યક્રમને ગ્રામજનો, મંડળીના સેક્રેટરી, હોદ્દેદારોના સહયોગથી પાર પડ્યો હતો.

સોનગઢ પાટિયા પાસે અકસ્માત

પાલનપુરના સોનગઢના પાટિયા જોડે અકસ્માત થયો હતો. જેમાં ટેસ્ટ ડ્રાઈવ કરવા જતા યુવકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ૨ યુવકોને ઈજા થતા તેઓ ને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુરમાં હોન્ડાઈન કંપનીના શો-રૂમ માંથી ટેસ્ટ ડ્રાઈવ કરવા લઈ ગયેલ યુવકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ગાડીના દરવાજા કાપીને બે ઈસમને બહાર કાઢવામાં આવ્યા હતા. જોકે, સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. ઘાયલોને ૧૦૮ની મદદ થી સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

મોટી ભટામલના પ્રૌઢનું હાર્ટ એટેકથી મોત

પાલનપુર તાલુકાના ભટામલ ગામના ૭૦ વર્ષીય પ્રૌઢ એક કચેરીમાં સુનાવણી માટે આવ્યા હતા. જ્યાં તેઓને હૃદય રોગનો હુમલો આવતા તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

મોટી ભટામલ ગામના ૭૦ વર્ષીય ગોસ્વામી કરશનપુરી રતનપુરી આજે પાલનપુર મામલતદાર કચેરીમાં કોઈ જમીનના કેસની સુનાવણીમાં આવ્યા હતા. જ્યાં તેઓને હૃદયરોગનો હુમલો આવતા તેઓને તાકીદે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

રૂપપુરાના યુવકે ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું

પાલનપુર તાલુકાના રૂપપુરા ગામના ૨૨ વર્ષીય એક યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, રૂપપુરા ગામના ૨૨ વર્ષીય નરેશભાઈ ડાયાભાઈ મકવાણા નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ યુવકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

પાલનપુરમાં પાયોનિયર ડેરી પાસે અકસ્માત

પાલનપુરની પાયોનિયર ડેરી પાસે રિક્ષા અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ૧ વ્યકિતને ઈજા થઈ હતી. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુરની પાયોનિયર ડેરી પાસે રિક્ષા અને અલ્ટો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ૨૭ વર્ષીય મુકેશ શાંતિલાલ માજીરાણા રહે. ખોડિયાર નગર, પાલનપુરને ઈજા થતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

સાબરડેરીની ચૂંટણી પેટા નિયમ મુજબ યોજવાનો માર્ગ મોકળો

સુપ્રિમ કોર્ટમાં કરાયેલી રીટ પરત ખેચાઈ : હાઈકોર્ટમાં હજુ એક રીટ પેન્ડીંગ પડેલી છે

હિંમતનગર, તા. ૨

છેલ્લા ઘણા સમયથી સાબરડેરીની નિયામક મંડળની ચૂંટણી ઘોંચમાં પડેલી છે. ત્યારે થોડા સમય અગાઉ તલોદ તાલુકાના કઠવાડીયા દૂધ મંડળીના ચેરમેને નિયામક મંડળની ચૂંટણી તાલુકાવાર યોજવા માટે સુપ્રિમ કોર્ટમાં રીટ કરી દાદ માંગી હતી. જે રીટ ગમે તે કારણોસર બે દિવસ અગાઉ પાછી ખેંચાતા હવે નિયામક મંડળની ચૂંટણી પેટા નિયમ મુજબ યોજવાનો માર્ગ મોકળો બન્યો છે.

આ અંગેની વિગત એવી છે કે તલોદ તાલુકાના કઠવાડીયા દૂધ મંડળીના ચેરમેન સાબરડેરીની ચૂંટણી વિભાગવારને બદલે તાલુકાવાર યોજવા માટે સુપ્રિમ કોર્ટમાં થોડા મહીના અગાઉ રીટ કરી હતી. પરંતુ સહકારી અગ્રણીઓના દબાણથી અથવા તો સહકારી અગ્રણીઓ સાથે થયેલા સમાધાન બાદ તેમણે સુપ્રિમ કોર્ટમાં તાલુકાવાર ચૂંટણી કરવાની રીટ પરત ખેંચી લીધી છે. જેના લીધે સાબરડેરીના પેટા નિયમ મુજબ હવે જ્હોનવાર ચૂંટણી થવાનો માર્ગ મોકળો બન્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાબરડેરીમાં વહીવટદારની નિમણુંક કરાઈ હોવા છતાં જિલ્લાના કેટલાક સહકારી અગ્રણીઓએ કસ્ટોડીયન કમિટી બનાવીને સાબરડેરીનો વહીવટ કરી રહ્યા છે. જે કસ્ટોડીયન કમિટીને રદ કરવા માટે હાઈકોર્ટમાં રીટ કરાઈ હતી. જે અંગેની મુદત ગત તા. ૨૯ જાન્યુઆરીના રોજ હતી. પરંતુ તેમાં કોઈ આખરી નિર્ણય આવ્યો નથી.

ચૂંટણી યોજવા અગાઉ બે વખત જાહેરનામું પ્રસિદ્ધ કરાયુ હતુ

સાબરડેરીના નિયામક મંડળને ચૂંટણી સમયસર યોજવા માટે વહીવટીતંત્ર દ્વારા બે વખત જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ હતુ. પરંતુ તેમાં મનાઈ હુકમ તથા અન્ય કાયદાકીય ગુંચ ઉભી કરીને કેટલાક સહકારી અગ્રણીઓ ચૂંટણીને પાછી ઠેલી રહ્યા છે. તેથી હવે જોવાનું એ રહે છે કે જિલ્લાના સહકારી અગ્રણીઓ આ ચૂંટણી ક્યારે થવા દેશે.

કાંકણોલ પાસેથી ભુસાની આડમાં લવાતો ૧૨.૬૯ લાખનો દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના કાંકણોલ ગામની સીમમાંથી શુક્રવારે

ભુસા ભરેલી ટ્રકની આડમાં લવાઈ રહેલો અંદાજે રૂ. ૧૨.૬૯ લાખથી વધુની કિંમતના દારૂના જથ્થાને એલસીબીએ ઝડપી લઈ એક ઈસમની અટકાયત કરી મુદ્દામાલ કબજે લઈ આ ઈસમ વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે શામળાજીથી હિંમતનગર થઈ એક ટ્રકમાં ભુસાની આડમાં પાસ પરમીટ વિનાનો દારૂનો જથ્થો અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે.જે આધારે એલસીબીએ કાંકણોલ નજીક નાકાબંધી કરીને શામળાજી તરફથી આવતા વાહનોનું ચેકિંગ શરૂ કર્યુ હતુ. દરમ્યાન બાતમી મુજબ શામળાજી તરફથી આવી રહેલ ટ્રક નં. આર.જે. ૨૭.જીએ.૦૭૧૩ને ઉભી રખાવી તેમાં તપાસ કરતા ટ્રકમાં ભુસા ભરેલા કોથળાઓની નીચેથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ત્યારબાદ એલસીબીએ ટ્રકમાં જઈ રહેલા ભજ્જારામ ગણેશલાલજી ડાંગેની પુછપરછ કરતા તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો.

ત્યારબાદ પોલીસે ટ્રકમાં લઈ જવાઈ રહેલ અંદાજે રૂ. ૧૨,૬૯,૬૦૦ની કિંમતની ૩૧૮ પેટીમાં રખાયેલ ૩૮૧૬ બોટલ કબજે લીધી હતી. ઉપરાંત પોલીસે મોબાઈલ ભુંસુ ભરેલ ૫૫ કોથળા તથા ટ્રક મળી અંદાજે રૂ. ૨૪,૭૦,૧૦૦નો મુદ્દામાલ કબજે લઈ પકડાયેલા ભજ્જારામ ડાંગે વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

મલાણા પાસેથી ૧.૩૪ લાખનો વિદેશી દારૂ ભરેલી ટવેરા ઝડપાઈ

પાલનપુર તાલુકાના મલાણા પાસેથી રૂપિયા ૧.૩૪ લાખનો વિદેશી દારૂ ભરેલી ટવેરા ઝડપાઈ હતી. પાલનપુર તાલુકા પોલીસે કુલ રૂ. ૩.૮૪ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠા પોલીસ અધિક્ષક પ્રદીપ સેજુળની સુચનાથી પાલનપુર તાલુકા પોલીસ સબ ઈન્સ્પેકટર એ. એમ.પટેલ ડી સ્ટાફના ઘેમર ભાઈ, વિનોદભાઈની ટીમ સાથે પાલનપુર તાલુકા પો.સ્ટેના મલાણા સીમ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ચિત્રાસણી ડીસા રોડ પર નાકાબંધી કરી હતી. જ્યાં ટવેરા ગાડી નં.ગ્ન-૦૨-ઝ-૧૧૮૦ને ઉભી રખાવી તલાસી લેતાં અંદરથી રૂપિયા ૧,૩૪,૮૮૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારુ બોટલ તથા બિયર ટીન કુલ નંગ-૧૧૦૩ મળી આવ્યો હતો આ અંગે રૂપિયા ૨,૫૦,૦૦૦ની ગાડી સહિત કુલ રૂ. ૩,૮૪,૮૮૮નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ગાડીના ચાલક ગેમારસિંહ પ્રભાતસિંહ ડાભી રહે આવેલ તા. અમીરગઢ તથા ગોદળસિંહ શંતુસિંહ ડાભી રહે વાસડા તા. આબુ રોડ ની અટકાયત કરી તાલુકા પો.સ્ટે પ્રોહિબિશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

હિંમતનગરમાં કારમાંથી ૮૦ હજાર ભરેલી બેગ ચોરાઈ

હિંમતનગર, તા. ૨

હિંમતનગરના બસસ્ટેન્ડની બાજુમાં ત્રણ દિવસ અગાઉ પાર્ક કરાયેલ એક કારનો દરવાજો ખોલી અજાણ્યા શખ્સો રૂ. ૮૦ હજાર રોકડ ભરેલી બેગ તથા એટીએમ કાર્ડની ચોરી કરી ગયાની ફરીયાદ શુક્રવારે હિંમતનગર બી.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

મોડાસા નાગરિક બેંક મેનેજીંગ ડિરેક્ટરનું દુઃખદ અવસાન થતા બેંક પરિવારે શ્રદ્ધાંજલિ અર્પી

ધી મોડાસા નાગરિક બેંકના મેનેજીંગ ડિરેક્ટર અને બેંકના પૂર્વ કર્મચારી હસમુખભાઈ શાહનું હૃદયરોગથી આકસ્મિક નિધન થતા મોડાસા શહેર સહીત નગરજનોમાં શોકની લાગણી છવાઈ હતી. ગુરુવારે બેંકના સભાગૃહમાં શ્રદ્ધાંજલિ બેંક પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવી હતી. બેંકના ચેરમેન કમલેશભાઈ પટેલે હસમુખભાઈ શાહના નિધનથી બેંકને મોટી ખોટ પડી હોવાનું અને બેંક પ્રારંભ સમયે કર્મચારી તરીકે જોડાનાર અને બ્રાન્ચ મેનેજરથી મેનેજીંગ ડિરેક્ટર તરીકે તેમની સેવાઓ અને બેંકના વિકાસ માટે આપેલ યોગદાન સહિતના પ્રસંગો વર્ણન કર્યું હતું. બેંક પરિવારે પુષ્પાંજલિ અર્પી મૌન પાડ્યું હતું.

મોડાસા ટેલીફોન કર્મચારીઓનો વિદાય સમારોહ

મોડાસા જેસીઝ હોલ ખાતે ટેલીફોન ઓફીસના કર્મચારીઓ મુસ્તુફા ચૌહાણ અને નાસીરભાઈ અન્સારી આ બંને ટેલિફોન કર્મચારીઓ વય મર્યાદા પૂર્ણ થતા તેઓનો વિદાય સમારોહ યોજાઈ ગયો. આ પ્રસંગે ટેલીફોન વિભાગના અધિકારીઓ સહકર્મચારીઓ તથા નિવૃત્ત કર્મીઓના સ્નેહીજનો ઉપસ્થિત રહી તેઓના કાર્યકાળ દરમિયાનની કામગીરી વાગોળી તેઓનું બાકીનું જીવન સુખમય અને શાંતિપૂર્ણ પસાર થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

મોડાસા-ઉમરેઠ દ્વિ-ચક્રીય રાજ્ય ધોરીમાર્ગ-૨૭ પર

ત્રણ વર્ષમાં અકસ્માતમાં ૪૬૧ જીંદગી હોમાઈ

રાજ્ય ધોરીમાર્ગ-૨૭ પરથી પસાર થતા ભારે વાહનોના પ્રતિબંધ અથવા રોડ ચાર માર્ગીય બનાવવા પ્રજાનોની માંગ

મોડાસા, તા. ૨

દેશના ઉત્તરમાં આવેલા રાજ્યો મુંબઈ સહીત દક્ષિણના રાજ્યો સાથે જોડાતો ટૂંકો માર્ગ અરવલ્લી જીલ્લામાંથી પસાર થતો હોવાથી ભારે વાહનો આ માર્ગનો ઉપયોગ કરતા હોવાથી અને બેફામ વાહન

હંકારતા હોવાથી સતત અકસ્માતોની ઘટનાઓ બની રહી છે. અકસ્માત નિવારવા શામળાજી-ગોધરા હાઈવે ફોરલેન બનાવવામાં આવ્યો છે તેમ છતાં બરોડા સુધી ૧૫ કી.મી. અંતરનો ફર્ક પડતો હોવાથી ભારે વાહનચાલકો મોડાસા-ઉમરેઠ(ડાકોર) પસાર થતા અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫૩૧ નાના-મોટા અકસ્માતની ઘટનાઓમાં ૪૬૧ જીંદગી કાળનો કોળિયો બની છે. ૫૩૫ ગંભીરરીતે ઈજાગ્રસ્ત અકસ્માત અને ૫૬૦થી વધુ લોકો સામાન્ય ઈજાનો ભોગ બન્યા છે. બાયડના પ્રબોધભાઈ માનવ બચાવ અભિયાન અંતર્ગત ઝુંબેશ ઉપાડી અરવલ્લી જીલ્લા કલેક્ટર અને પોલીસવડાને રજુઆત કરતા પરપ્રાંતીય વાહનો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા તૈયારીઓ હાથ ધરી હતી પરંતુ રાજ્ય સરકાર અને માર્ગ-મકાન વિભાગ દ્વારા માનવીના મૃત્યુની કિંમત કરતા સરકારી તિજોરીની અવાક વધે તેમાં રસ હોવાથી જાહેરનામું જાહેરનામું પ્રસિદ્ધ થવા દેતા ન હોવાનો આક્ષેપ કર્યો હતો.

અરવલ્લી જીલ્લાના માર્ગો પર માતેલા સાંઢની માફક પસાર થતા ભારે વાહનના ચાલકો ગંભીર અકસ્માત સર્જી નિર્દોષ પ્રજાજનોનો ભોગ લઈ રહ્યા છે. ધનસુરાના રહિયોલ ગામ નજીક ગુરુવારે મોડી રાત્રે ટેન્કરના ચાલકે બેફામ હંકારી બાઈકને અડફેટે લેતા પિન્ટુ વીરમાં ડામોર(ઉં.વર્ષ-૩૧) અને અલ્પેશ વકસી નામના યુવાનનું મોત નિપજતા ભારે હાહાકાર મચ્યો હતો. રાજ્ય ધોરીમાર્ગ-૨૭ પરથી પસાર થતા વાહનો પર પ્રતિબંધ ફરમાવાની માંગ સાથે નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતનો ભોગ ન બને તે માટે રાજ્ય સરકારે ફોરલેન માર્ગ યુદ્ધના ધોરણે બનાવની માંગ જીલ્લાના પ્રજાજનોમાં પ્રબળ બની છે.

અરવલ્લી જીલ્લામાંથી પસાર થતા રાજ્ય ધોરીમાર્ગ-૨૭માં સૌથી વધુ અકસ્માત મોડાસા-ધનસુરા-બાયડના ૩૨ કિમીના રોડ પર બની રહ્યા છે. શહેરી વિસ્તાર અને ગ્રામ વિસ્તાર વચ્ચેથી હાઈવે પસાર થતો હોય અને સતત વાહનોના ટ્રાફિકથી ધમધમતો હોવાથી અભ્યાસઅર્થે પસાર થતા બાળકો, રાહદારીઓ અને નાના વાહનચાલકો મોટા વાહનોના ચાલકો ગફલતભરીરીતે હંકારી ઉતાવળની લાહ્યમાં હડફેટે લેતા મોતના મુખમાં ધકેલાઈ જાય છે અથવા ગંભીર ઈજાનો ભોગ બની રહ્યા છે.